**સેશન્સ કેસ નં.–૩૯/૨૦૨૨ ના કામે આંક–૮૨ હેઠળ હુકમ**

હાલના સેશન્સ કેસ કામે તમામ આરોપીઓ અન્ડર ટ્રાયલ છે. રેકર્ડ જોતા આરોપીઓ તા.૧૧/૬/૨૦૨૨ ના રોજ અટક કરવામાં આવ્યા ત્યારથી જયુડીશ્યલ કસ્ટડીમાં છે અને આરોપીઓ વીરુધ્ધનુ ટ્રાયલ હજુ પુર્ણ થઇ શકેલ નથી. આજરોજ ક્રોસ કેસના આરોપી એવા હાલના કામના ફરીયાદી અદાલત રુબરુ હાજર હોય તેમને શીડયુલ ટ્રાયલથી જુબાની આપવા જણાવવામાં આવ્યા બાદ ફરીયાદી તરફે નાદુરસ્ત તબીયત હોવાનુ જણાવી મુદતની માંગણી કરવામાં આવે છે. મુળ ફરીયાદી રુબરુમાં પોતાને ચકકર આવે છે તેમ જણાવતા હોય, રજીસ્ટાર ડીસ્ટ્રીકટ કોર્ટને તાત્કાલીક ૧૦૮ એમ્બુલન્સને ફોન કરી ૧૦૮ બોલાવવા જાણ કરવામાં આવે છે અને હાલના હુકમથી હાજર સાહેદને લેખીત યાદી સાથે સીવીલ સર્જન, વેરાવળ સીવીલ હોસ્પીટલ તરફ ફીઝીશ્યન, સાયક્રાટીક તેમજ સીવીલ સર્જનની ટીમ બનાવી રીફર કરવામાં આવેલ સાહેદને વીડીયોગ્રાફી સાથે ચકાસી તેના તમામ પરામીટર્સ ચેક કરી, ખરેખર ચકકર આવે છે કે કેમ તે બાબતે સચોટ નીદાન કરી અને જો સાહેદ દ્રારા માત્ર ખોટુ બહાનુ બનાવવામાં આવેલ હોય તો તે બાબતે સ્પષ્ટ અભીપ્રાય સાથે સાહેદ જુબાની આપવા ફીટ છે તેવો રીપોર્ટ મોકલવો વીકલ્પે સાહેદને જરુર જણાય તો અંદરના દર્દી તરીકે દાખલ કરી તમામ પેરા મીટર સાથે વીડીયો ગ્રાફી સાથે રીપોર્ટ કરવા યાદી પાઠવવી.

હોસ્પીટલમાં વીડીયોગ્રાફ માટે વ્યવસ્થા ન હોય તો સીવીલ સર્જન શ્રીએ તમેના તાબાના કોઇ કર્મચારી મારફતે તપાસની ઓડીયો–વીડીયોગ્રાફી કરવી.

હુકમ મુજબ યાદી પાઠવવી.

હુકમ આજરોજ તા.૧૧/૧૨/૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાતલમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(પી.એસ.ગઢવી)
સેશન્સ જજ
ગીર સોમનાથ એટ વેરાવળ.